અપીલ અરજી નં.૧૫૯ તા.૧૬–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)
(૨)ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૬–૭–૧૦ની અરજીથી (૧) યુનિટી એસ્ટેટ ભેસ્તાન રેસ.નં. ૫૯,૬૦,૬૧ પૈકી સબ પ્લોટ નં.સી નં.૩ ની પરવાનગી કેટલા માળ અને કેટલી ઉંચાઈની આપી છે તેની તમામ માહિતી આપવી. (૨) ભેસ્તાન સ્થિત ભગવતિ રેસીડેન્સી અને સુંદરનગર નજીક બાંધકામ ચાલુ છે તેની પરવાનગી કાયદેસરતા ક્ષેત્રફળ ઉંચાઈ ની તમામ માહિતી આપવી. (૩) ભેસ્તાન સ્થિત લક્ષ્મીવિષ્ણુ સિલ્ક મિલ્સ અને ગેસ કંપનીની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે તેની પરવાનગી કાયદેસરતા માળ ઉંચાઈ ક્ષેત્રફળ વગેરેની સંપુર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૯/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૬–૭–૧૦ની અરજીથી (૧) યુનિટી એસ્ટેટ ભેસ્તાન રેસ.નં. ૫૯,૬૦,૬૧ પૈકી સબ પ્લોટ નં.સી નં.૩ ની પરવાનગી કેટલા માળ અને કેટલી ઉંચાઈની આપી છે તેની તમામ માહિતી આપવી. (૨) ભેસ્તાન સ્થિત ભગવતિ રેસીડેન્સી અને સુંદરનગર નજીક બાંધકામ ચાલુ છે તેની પરવાનગી કાયદેસરતા ક્ષેત્રફળ ઉંચાઈ ની તમામ માહિતી આપવી. (૩) ભેસ્તાન સ્થિત લક્ષ્મીવિષ્ણુ સિલ્ક મિલ્સ અને ગેસ કંપનીની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે તેની પરવાનગી કાયદેસરતા માળ ઉંચાઈ ક્ષેત્રફળ વગેરેની સંપુર્ણ માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી નિયત સમય અવધિમાં માહિતી પુરી પાડેલ ન હોવાનું ડે.કમિશ્નર (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ/૨૦૫૮ તા.૧૦–૮–૧૦ થી આપેલ માહિતીમાં નકશાઓ ફી ભરી નકશાઓ મેળવી લેવા જણાવેલ છે જે માંગેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૬ તા.૨૩–૮–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)તથા ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/૯૪૯ તા.૩૦–૮–૧૦ ના પત્રથી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.એસયુસી/આ.નં.૮૮૨ તા.૧૭–૮–૧૦ થી પાઠવેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/આ.નં.૩૮૫ તા.૨–૮–૧૦ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, લે આઉટ પ્લાનની નકલ, અરજદારને પત્ર નં.એસયુસી/આ.નં.૯૪૭ તા.૩૦–૮–૧૦ થી પાઠવેલ પત્રની નકલ, તા.૨૪–૩–૦૮ ના રોજ મળેલ માસિક સાધારણ સભાના ઠરાવ નં.૩૦૯/૦૮ ની નકલ, અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. તથા જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪૨૮ તા.૧–૯–૧૦ થી કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/આ.નં.૩૮૪ તા.૨–૮–૧૦ થી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ટીડીઓ/૨૦૫૮ તા.૧૦–૮–૧૦ થી પાઠવેલ જવાબની નકલ તથા અરજદારને પાઠવેલ પત્રની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૬–૭–૧૦ ની અરજીથી (૧) યુનિટી એસ્ટેટ ભેસ્તાન રેસ.નં. ૫૯,૬૦,૬૧ પૈકી સબ પ્લોટ નં.સી નં.૩ ની પરવાનગી કેટલા માળ અને કેટલી ઉંચાઈની આપી છે તેની તમામ માહિતી આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી તેમના ૧૦–૮–૧૦ ના પત્રથી મોજે ભેસ્તાન રેસ.નં. ૫૯,૬૦,૬૧ પૈકી સબ પ્લોટ નં.સી નં.૩ વાળી મિલ્કતમાં હાઈરાઈઝ ફેકટરી બિલ્ડીંગના બાંધકામની પરવાનગી ટીડીઓ/ડીપી/નં.૨૧૧ તા.૨૦–૧૦–૦૯ થી આપવામાં આવેલ છે જે અંગેના નકશાની નકલ નંગ–૭ ના રૂા.૪૮૦/– (અંકે રૂપિયા ચારસો એંશી પુરા) અત્રેની કચેરી શહેર વિકાસમાં ભરપાઈ કર્યેથી નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેમાં આપના માંગ્યા મુજબની માહિતી દર્શાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૨) ભેસ્તાન સ્થિત ભગવતિ રેસીડેન્સી અને સુંદરનગર નજીક બાંધકામ ચાલુ છે તેની પરવાનગી કાયદેસરતા ક્ષેત્રફળ ઉંચાઈ ની તમામ માહિતી આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી મોજે ભેસ્તાન રે.સ. નં.૭,૮,૧૪/૧ થી ૧૪/૩, ૧૯ થી ૨૪ વિગેરે સબ પ્લોટ નં.૧/સી વાળી મિલ્કતમાં લો રાઈઝ રેસીડેન્સીયલ બિલ્ડીંગના બાંધકામની પરવાનગી ટીડીઓ/ડીપી /નં.૮૨ તા.૧૦–૬–૧૦ થી આપવામાં આવેલ છે. જે અંગેના નકશાની નકલ નંગ–૭ ના રૂા.૭૯૦/– (અંકે રૂપિયા સાતસો નેવુ પુરા) અત્રે શહેર વિકાસમાં ભરપાઈ કર્યેથી નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેમાં આપના માંગ્યા મુજબની માહિતી દર્શાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૩) ભેસ્તાન સ્થિત લક્ષ્મીવિષ્ણુ સિલ્ક મિલ્સ અને ગેસ કંપનીની બાજુમાં હાલ બાંધકામ ચાલુ છે તેની પરવાનગી કાયદેસરતા માળ ઉંચાઈ ક્ષેત્રફળ વગેરેની સંપુર્ણ માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલના પત્ર નં.એસયુસી/આ.નં.૮૮૨ તા.૧૭–૮–૧૦ થી ભેસ્તાન રે.સ. નં.૯૧ પૈકીની જમીનમાં **JNNURM-BSUP** યોજના

અંતર્ગત સ્થળ ઉપર મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટેના આવાસોનું બાંધકામ થઈ રહેલ છે જેમાં નિયમ મુજબ માર્જીન, પાર્કીગ તથા ઉંચાઈ રાખવામાં આવેલ છે જે દર્શાવતા લે આઉટ પ્લાન ફલોર પ્લાન , એલીવેશન, સેકશનની કોપી આ સાથે સામેલ કરેલ છે. તથા પત્ર નં.એસયુસી/આ.નં.૯૪૭ તા.૩૦–૮–૧૦ થી ભેસ્તાન રે.સ. નં.૯૧ પૈકીની જમીનમાં **JNNURM-BSUP** યોજના અંતર્ગત સ્થળ ઉપર મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટેના આવાસોનું બાંધકામ થઈ રહેલ છે. સદર બાંધકામની પરવાનગી બાબતે સા.સ.ઠ. નં.૩૦૯/૦૮ તા.૨૪–૩–૦૮ ની નકલ સામેલ કરેલ છે સદર બાંધકામમાં કુલ ૩ બિલ્ડીંગનો સમાવેશ થાય છે બિલ્ડીંગમાં ભોંય તળીયું વત્તા ચાર માળનું આયોજન છે અત્રેના પત્ર નં.એસયુસી/આ.નં.૮૮૨ તા.૧૭–૮–૧૦ થી પુરા પાડવામાં આવેલ નકશામાં બિલડીંગની ઉંચાઈ ૧૪.૯૦ મી. દર્શાવેલ છે. ત્રણ બિલ્ડીંગનું બાંધકામનું ક્ષેત્રફળ ૩૦૭.૬૧ ચો.મી. (બિલ્ટઅપ) થવા જાય છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં સ્લપ અપગ્રેડેશન ધ્વારા કોઈ નિર્ણય કે માહિતી ન આપવા તથા જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ઉંચાઈ અને માળની વિગતો આપેલ નથી પરંતુ નહીં માંગેલ નકશાની નકલો માટે ફી ભરી મેળવવા જણાવેલ હોવાની રજૂઆત કરી અપીલ કરેલ છે. હકીકત જોતાં અપીલીય કાર્યવાહી દરમ્યાન સ્લમ અપગ્રેડેશનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૩ ની પૂરી વિગતે બે તબકકે માહિતી આપેલ છે. જેથી તે અંગે હવે તકરારને સ્થાન નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી મુદ્દા નં.૧ અને ૨ ની પરવાનગી કેટલા માળ, ઉંચાઈની છે તેની તથા પરવાનગીની કાયદેસરતા , માળ અને ઉંચાઈ તથા ક્ષેત્રફળની માહિતી આપેલ નથી તે અંગે અરજદારની માંગણી વિના નકશાની નકલો મેળવવા જણાવવાનું કાયદાની ભાવના સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી નહીં અપાયેલ મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી આપેલ ન હોઈ અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માત્ર આંકડાકીય વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશનર (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ),ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી .. ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ